## બનાસકાંઠાના આમીરગઢ પંથકમાં

# ચાર માસુમ બાળકોના ભેદી રોગથી મોત થતા દહેશત

## આરોગ્ય તંત્ર કુંભકર્ણ નિંદ્રામાં



પાલનપુર, તા.૮

બનાસકાંઠા જીલ્લા ના અમીરગઢ વિસ્તાર માં પંદર દિવસ ભેદી રોગ થી ચાર માસુમ બાળકો ના કમકમાટી ભર્યા મોત નીપજતા ગામ લોકો માં દહેસત નો માહોલ છવાઈ ગયો છે બનાસકાંઠા જીલ્લાના અમીરગઢ તાલુકાના ધાંધુ ગામ કે જ્યાં છેલ્લા પંદર દિવસમાં એક પછી એક શાળામાં અભ્યાસ કરતા માસુમ બાળકોના ભેદી તાવથી ચાર માસુમના બાળકોના મોત થયા છે જેથી આ ગામના લોકો દહેશતના માહોલ વચ્ચે જીવી રહયા છે. ગામના પરિવારોએ પોતાનો એ લાડકવાયો ગુમાયો છે પરંતુ જીલ્લા આરોગ્ય તંત્ર હજુ કુંભકર્ણ નિંદ્રા પ્રોઢી રહ્યું છે ગામના ચાર માસુમ બાળકોની જિંદગી ભેદી રોગથી મોત થતા ગામ અને શાળામાં શોકમાં માહોલ છવાઈ ગયો છે. ધાંધુ ગામના શાળાના સંચાલકોએ જીલ્લા આરોગ્ય વિભાગને જાણ કર્યા બાદ આરોગ્ય વિભાગ દોડતું થયું છે. ચાર માસુમોએ ભેદી રોગથી જિંદગી ગુમાવ્યા બાદ હાલમાં જીલ્લાની આરોગ્ય ટીમે પંદર દિવસ બાદ ગામમાં તપાસ હાથ ધરતા ગામમાં સાત બાળકોમાં ભેદી રોગના શકાસ્પદ કેસ મળી આવ્યા છે.

# વર્ષ ૨૦૧૬ માટેના જોસેફ મેકવાન પુરસ્કારની જાહેરાત

ગાંધીનગર, તા.૮

અગ્રણી સાહિત્ય સર્જક અને કર્મશીલ જોસેફ મેકવાનની સ્મૃતિમાં જોસેફ મેકવાન ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા આંતરે વર્ષે સાહિત્ય ક્ષેત્રે તેમજ સમાજ સેવા ક્ષેત્રે 'જોસેફ મેકવાન પુરસ્કાર' એનાયત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કારની શ્રૃંખલાના દ્વિતિય પુરસ્કારની જાહેરાત ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં કરવામાં આવલ છે. તદઅનુસાર વર્ષ ૨૦૧૬ માટે ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ગુણવત્તાયુકત પ્રદાન કરવા માટે ડૉ. મોહન પરમાર (અમદાવાદ)ને 'જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર' અને સમાજસેવા ક્ષેત્રે ઉમદા અને નમૂનારૂપ સેવા કાર્ય કરવા માટે ઈન્દુકુમાર જાની (અમદાવાદ)ને 'જોસેફ મેકવાન સમાજ સેવા પુરસ્કાર' એનાયત કરવાનો નિર્ણય કરેલ છે. પુરસ્કાર સ્વરૂપે રૂ. ૨૫૦૦૦ તથા સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવશે. બંને પુરસ્કાર વિજેતાઓએ પોત પોતાના ગુણવત્તા તથા મૂલ્યો જાળવીને પ્રદાન કર્યુ છે અને તે માટે બંનો મહાનુભાવો ખૂબ જ લોકઆદર અને ભાવક પ્રિતી પામ્યા છે. બંનેને ખૂબ ખૂબ અભિનંદન. આ અંગેનો પુરસ્કાર અર્પણ સમારોહ તા. ૯-૧૦-૨૦૧૬ના રોજ વિદ્યાનગર (આણંદ) ખાતે યોજાનાર છે.

જોસેફ મેકવાનના ચાહકો/ભાવકોને સમારોહમાં હાજર રહેવા માટે હાર્દિક નિમંત્રણ આપવામાં આવ્યું છે.





ગાંધીનગર શહેર જીઈબી કોલોની ખાતે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જીઈબીમાં વસવાટ કરતા દરેક નાગરીક હર્ષોલ્લાસ ભક્તિભાવથી ગણેશજીની પૂજા-અર્ચના કરે છે. જ્યારે દરરોજ નીતનવા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાય છે. ત્યારે ગણેશ મહોત્સવના ત્રીજા દિવસે સંગીત સંધ્યાનું આયોજન કરાયું હતું. જેમાં હિન્દી જુના નવા ગીત-સંગીતના તાલે શ્રોતાઓ ઝુમી ઉઠ્યા હતા. સંગીત સંધ્યામાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો.

# સે-૨૨ ગણેશોત્સવમાં બહેનો માટે વિવિધ સ્પર્ધા યોજાઈ

## જયોતિ મહિલા મંડળ દ્વારા હલ્દી કંકુ, ભજન, આરતી સુશોભન અને ફુલદાની સુશોભન સ્પર્ધા યોજાઈ હતી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ સ્થિત ૪૭માં સાર્વજનિક ગણેશ મહોત્સવના ત્રીજા દિવસે બપોરે ૨ કલાકે જયોતિ મહિલા મંડળના ઉપક્રમે બહેનો માટે હલ્દી કંકુ, ભજન, આરતી સુશોભન સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં શહેરની ૭૦૦ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગાંધીનગર સેકટર-૨૨ ખાતે આયોજીત ગણેશ મહોત્સવમાં બહેનો માટે યોજાયેલ વિવિધ સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે ડો. તેજલ દલાલ, નિશિત વ્યાસ,અને પૃથ્વી શાહ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોના હસ્તે દિપપ્રાગ્ટય બાદ કાર્યક્રમની શરુઆત કરવામાં આવી હતી.જયોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. બાદમાં હલ્દી કંકુ, ભજન, આરતી સુશોભન,અને ફુલદાની સુશોભનની





સ્પર્ધા બહેનો વચ્ચે યોજાઈ હતી. જેમાં આરતી સુશોભનમાં પ્રથમક્રમ અંતરબા બિહોલા, બીજોક્રમ મીનાક્ષીબેન પારેખ, ત્રીજોક્રમ નમ્રતાબેન પટેલે મેળવ્યો હતો.જયારે ફુલદાની સુશોભનમાં પ્રથમક્રમે ઈન્દુબેન વટોળીયા અને દ્વીતીયક્રમે મનીષાબેન ત્રિવેદી જાહેર થયા હતા.તેવીજ રીતે ભજન સ્પર્ધામાં પ્રથમક્રમે બ્રહ્મ સમાજ મહિલા પાંખ તેમજ બીજોક્રમ રાધાકૃષ્ણ મંડળની બહેનોએ મેળવ્યો હતો. આ પ્રસંગે બેસ્ટ મેલેરીયા અધિકારીનો એવોર્ડ મેળવનાર મમતાબેન દત્તાણીનુંસન્માન કરાયુંહતું. કાર્યક્રમમાં ભજન સ્પર્ધાના નિર્ણાયક તરીકે શર્મિષ્ઠાબેન ત્રિવેદી, જશુબેન ઠક્કર, મંદાબેન ધોળકિયાએ જયારે આરતી તેમજ ફુલદાની શણગારના નિર્ણાયક તરીકે પૂર્વી વ્યાસ, અને રચના ગુજરાતીએ સેવા આપી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે પ્રજ્ઞાબેન જોષી, સંજય થોરાત, અને ડો. બિંદીબેન ગજજર હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધી ડો. ચેતના બુચે કર્યુ હતું. જયારે મહિલાઓએ સુંદર ભજન અને આરતી કરતા રંગમંચ ખાતે ધાર્મિક વાતાવરણનો અનેરો માહોલ જોવા મળ્યો હતો.

# દેવીપૂજક સમાજના સંમેલનને તંત્રએ નિષ્ફળ બનાવ્યું

## પોલીસ તંત્રએ ૨૦૦થી વધારે દેવીપૂજક નાગરીકોની અટકાયત કરી

ગાંધીનગર, તા.૮

દેવીપૂજક સમાજને સ્પેશ્યલ અનામતને અનુલક્ષી વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા આજે ગાંધીનગર શહેર સત્યાગ્રહ છાવણી ખાતે સભાનું



આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ તંત્ર દ્વારા આ સભાને મંજુરી આપવામાં આવી નહોતી. વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા સભા યોજાશે તેવો હુંકાર કરાતા સત્યાગ્રહ છાવણી ખાતે સવારથી જ મોટીસંખ્યામાં પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. વિરાટ દેવીપૂજક સંઘના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયા સહિત ૨૦૦થી વધારે દેવીપૂજક સમાજના નાગરીકોને ડિટેઈન કર્યા હતા. જયારે સવારથી જ બપોર સુધી ખડેપગે પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. સત્યાગ્રહ છાવણી ખાતે સંમેલનમાં હાજરી આપવા છુટાછવાયા આવતા દેવીપૂજક સમાજના નાગરીકોને ડિટેઈન કર્યા હતા. તંત્રએ વિરાટ દેવીપૂજક સંઘના સંમેલનને નિષ્ફળ બનાવી રાહતનો શ્વાસ લીધો હતો.

ગાંધીનગર શહેર સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે સવારથી જ પોલીસ તંત્રની ભારે ચહલ પહલ જોવા મળી હતી. વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા આયોજીત સભામાં મોટીસંખ્યામાં રાજયભરમાંથી દેવીપૂજક સમાજના નાગરીકો આવી પહોંચે તેવી દહેશતને પગલે સવારથી જ તંત્રએ જિલ્લાભરનો પોલીસ કાફલો સત્યાગ્રહ છાવણી ખાતે ખડકી દીધો હતો. જયારે વિરાટ દેવીપૂજક સંઘના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાને તેઓના ટેકેદાર સાથે પોલીસ તંત્રએ સવારે તેમના નિવાસ સ્થાનેથી ડિટેઈન કર્યા હતા. સભામાં દેવીપૂજક સમાજની મહિલાઓ મોટીમાત્રામાં હાજર રહે તેવી દહેશત હોવાથી મહિલા પોલીસકર્મીઓને પણ વિશેષ જવાબદારી સોંપવામાં આવી હતી. પરંતુ દેવીપૂજક સમાજના વ્યકિતઓ મોટીસંખ્યમાં ન આવતા છુટાછવાયા આવતા પોલીસે ડિટેઈન કર્યા હતા. પોલીસ તંત્ર દ્વારા ૨૦૦ થી પણ વધુ દેવીપૂજક સમાજના નાગરીકોની અટકાયત કરી દેવામાં આવી હતી.

વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા આજે દેવીપૂજક સમાજને એસટી કેટેગરીવાળુ સ્પેશ્યલ ૧૧ ટકા અનામત અને વિવિધ પડતર પ્રશ્નોને



લઈ સભાનું આયોજન કરાયું હતું. જિલ્લા વહીવટી તંત્ર પાસે મંજુરી માંગવામાં આવી હતી. પરંતુ તંત્રએ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને રાખી મંજુરી આપવાનો ઈન્કાર કર્યો હતો.જેને પગલે મામલતદાર દ્વારા રેલીને મંજુરી અપાઈ નહોતી. જયારે વિરાટ દેવીપૂજક સંઘના પ્રમુખ રૂપસંગ ભરભીડીયાએ કહ્યું હતું કે સભાની મંજુરી ભલે મળી નથી પરંતુ સભા યોજાશે તેવો હુંકાર કરતા તંત્ર પણ અચંબામાં મુકાઈ ગયું હતું અને કોઈપણ સંજોગોમાં સભાને નિષ્ફળ બનાવવા માટે ગેમ પ્લાન તૈયાર કરી દેવાયો હતો.

શહેરની સત્યાગ્રહ છાવણીને પોલીસ તંત્રએ પોલીસ છાવણીમાં ઉભી કરી દીધી હતી. વિરાટ દેવીપૂજક સંઘના રેલી તેમજ સભાના કાર્યક્રમને તંત્રએ નિષ્ફળ બનાવીને રાહતનો શ્વાસ લીધો હતો.

# પાલનપુરની સિવિલ હોસ્પિટલને ખાનગી સંસ્થાએ દર્દીઓને સારી સુવિધાનો એવોર્ડ આપતા આશ્ચર્ય

પાલનપુર, તા. ૮

પાલનપુર સિવિલ હોસ્પિટલ માટે નવાઈના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. દર્દીઓને સારી સુવિધા આપવા બદલ એક સંસ્થાએ સમગ્ર ગુજરાતમાં માત્ર બનાસકાંઠાની મુખ્ય સિવિલ હોસ્પિટલને એવોર્ડ આપ્યો છે.

આઈસીઆઈસીઆઈ તેમજ ટીવી એઈટીનના ઉપક્રમે ગુજરાતમાં એકમાત્ર પાલનપુર સિવિલને આ એવોર્ડ અપાયો હતો. પાલનપુર સિવિલમાં સારવાર લેવા આવતા દર્દીઓને પુછવામાં આવે તો સિવિલના સ્થાનિક તબીબો અને અપુરતી સુવિધાની ફરિયાદ સિવાય બીજું કંઈ સાંભળવા નહિ મળે. જો કે તાજેતરમાં જિલ્લા કલેકટર જેનુ દેવને સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી તે દરમિયાન સિવિલના જુદા જુદા વોર્ડમાં ગંદકી તેમજ દર્દીઓની હાલત જોઈને સિવિલના સત્તાધીશોને જાહેરમાં તતડાવામાં આવ્યા હતા. જો કે સૌને નવાઈ લાગે એવી વાત છે તાજેતરમાં દર્દીઓને સારી સુવિધા આપવા બદલ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે પાલનપુર સિવિલ સર્જનને મુંબઈમાં એવોર્ડ અપાયો હતો. પાલનપુર સિવિલને મળેલા એવોર્ડના સમાચાર બાદ અમારા સંવાદદાતાએ હોસ્પિટલના વોર્ડની મુલાકાત લીધી હતી. તે દરમ્યાન સારવાર લેતા દર્દીઓની આસપાસ ગંદકીના દ્રશ્યો કેમેરામાં કેદ થઈ ગયા હતા. આપ જોઈ રહ્યો છો એક દર્દી સારવાર માટે વોર્ડમાં જઈ રહ્યો છે. તે દરમ્યાન તેના પરિવારના હાથમાં ગ્લુકોઝની બોટલ લઈ જતા નજરે પડે છે. જો કે સિવિલના એક કર્મચારીએ કેમેરો જોઈને દર્દીની ગ્લુકોઝ બોટલ હાથમાં લઈ લીધી હતી. ગંભીર સુવિધાથી વંચિત જિલ્લાની મુખ્ય સિવિલ હોસ્પિટલને એવોર્ડ માટે કંઈ રીતે પસંદગી થઈ એજ મોટો સવાલ છે. અહીં સારવાર લેતા દર્દીઓ પણ કેમેરા સમક્ષ પોતાની વ્યથા રજુ કરી હતી.

### આઈટી ક્વીઝ... ● ત્રીજા પાનાનું ચાલુ

એલીમીનેશન ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા દસ ટીમો રાજયકક્ષાની રૂરલ આઈ.ટી. ક્વીઝ સ્પર્ધામાં ભાગ લેશે. વિજેતા વિદ્યાર્થીઓને તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા હાર્દિક પટેલ, શિવાંગ પટેલ તથા વિવેક મકવાણાએ જહેમત ઉઠાવી હતી.

રૂરલ આઈટી ક્વીઝની વિજેતા ટીમોમાં જ્યોતિ વિદ્યાલય, રિદ્રોલ, તા. માણસામાં પટેલ વત્સલ આર., ચાવડા સત્યજીતસિંહ પી. શેઠ સી.યુ. વિદ્યાલય, લોદરા, તા. માણસામાં પંડ્યા વિરાટ એન. અને પટેલ પ્રિન્સ પી., જ્યોતિ વિદ્યાલય રિદ્રોલ, તા. માણસામાં પટેલ કેયુર એસ., પટેલ આર્યન બી., શ્રીમતી કે.સી. એમ. પટેલ પ્રાયમરી સ્કૂલ, લોદરા, તા. માણસામાં પટેલ વંસ પી અને પ્રજાપતી વેદ એમ., એમ.બી. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ વાવોલ, તા. ગાંધીનગરમાં ગોલ વિરેન્દ્ર ડી અને પ્રજાપતી ઈન્દ્રજીત બી., શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલ, ઈસનપુર મોટા, તા. ગાંધીનગરમાં પ્રજાપતી વિશાંત અને સર્મા કિશન, શેઠ એસ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સરઢવ, તા. ગાંધીનગરમાં ઠાકર લય એ. અને રબારી ઋત્વીક ડી., શ્રીમતી એસ.સી.બી. હાઈસ્કૂલ પાનસર, તા. કલોલમાં રાવલ જયેશ આર. અને રાવલ સુનીલ બી., તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય અમિયાપુર, તા. ગાંધીનગરમાં ગાંધી કલ્પ સી. અને શાહ ઝીલ જે., તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય અમિયાપુર, તા. ગાંધીનગરમાં જાલમોરા ધૈર્ય અને શાહ હર્ષીત વિજેતા થયા હતા.

### સફળ લોન્ચિંગ ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે તેની આ ચોથી ફલાઈટ હતી. અગાઉની ત્રણ ડેવલોપમેન્ટલ ફલાઈટો હતી. ઈશરોએ ખૂબ જ ખુશી વ્યક્ત કરી છે. ઈનસેટ-૩ ડીઆર સ્વદેશી ક્રાયોજનિક એન્જિન દ્વારા પરિભ્રમણ કક્ષામાં મુકવામાં આવનાર બીજા સેટેલાઈટ તરીકે છે. તેનું વજન ૨૧૧૧ કિલોગ્રામ છે. આ ઉપગ્રહને ૨૮મી ઓગસ્ટના દિવસે લોન્ચ કરવાની તૈયારી હતી પરંતુ ટેકનિકલ કારણોસર તેમાં વિલંબ થયો હતો. ઈસરો માટે આ લોન્ચ ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે આમાં ભારતમાં તૈયાર કરવામાં આવેલા ક્રાયોજનિક એન્જીનનો ઉપયોગ કરીને સેટેલાઈટને મોકલવામાં સફળતા મળી છે. ઓપરેશનલ લાઈફ ૮ વર્ષની રહેલી છે. તેમાં અતિ આધુનિક સાધનો મુકવામાં આવ્યા છે. આનાથી હવામાનની સ્થિતિને સમજવામાં મદદ મળશે. સાથે સાથે જમીની સ્તર પર સર્ચ અને રેસક્યુ ઓપરેશનમાં મદદ મળશે. આને આ પ્રકારથી તૈયાર કરવામાં સફળતા મળી છે. જેથી બે થી અઢી ટન ક્લાસના સેટેલાઈટને પણ અંતરિક્ષમાં સ્થાપિત કરી શકાશે. સેટેલાઈટમાં ઈમેજરની સ્થિતિ ખૂબ જ મજબૂત રહેશે. જુદા જુદા પેરામીટર ઉપર મહત્વપૂર્ણ માહિતી તેના દ્વારા મળી શકશે. જેમાં જમીન પરના તાપમાન, બરફની ચાદર, વાદળનો સ્થિતિ, ધુમ્મસ, રેડીએશનની માહિતી મળશે.

### સિદ્ધુનો નવો પક્ષ ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સંદર્ભમાં કહ્યું હતું કે કેજરીવાલે તેમને લઈને ટ્વીટર ઉપર અડધી વાત કરી હતી. સિધ્ધુએ કહ્યું હતું કે તેમની આમ આદમી પાર્ટીમાં રોલને લઈને વાત થઈ હતી. સિધ્ધુએ ઉમેર્યું હતું કે તેમને કહેવામાં આવ્યું હતું કે ચૂંટણી તમે ના લડો, આપની પત્નીને ચૂંટણી લડાવીને પ્રધાન બનાવી દેવામાં આવશે પરંતુ આ બાબત અંગે સ્પષ્ટ ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટી દ્વારા તેમને શો પીસ બનાવવાની યોજના હતી. બાદલ સરકાર પર પોતાના અસલ અંદાજમાં સિધ્ધુએ કહ્યું હતું કે કાળા વાદળો છવાયેલા છે. સુરજને નિકળવાની તક આપવામાં આવી રહી નથી. કાળા વાદળોને દુર કરીને સુરજ નિકળે તે જરૂરી છે. હવે વાતાવરણ બદલાય તે જરૂરી છે. સિધ્ધુએ એમ પણ કહ્યું હતું કે ભાજપ દ્વારા પણ નવી નવી ભ્રમ ફેલાવવાની નીતિ અપનાવવામાં આવી રહી છે. ભાજપ ઉપર પ્રહાર કરતા સિધ્ધુએ કહ્યું હતું કે તેમની પાસેથી ૨૦૦ રેલીઓ કરાવવામાં આવી હતી પરંતુ જ્યારે મતલબ નિકળી ગયો ત્યારે તેમને દુર કરી દેવામાં આવ્યા હતા. ચંદીગઢમાં પૂર્વ હોકી ખેલાડી પરગતસિંહ અને બેન્સ ભાઈઓ બલવીંદરસિંહ અને સિમરજીતની સાથે પત્રકાર પરિષદની શરૂઆત કરતા સિધ્ધુએ કહ્યું હતું કે દરેક કામ કોઈ ચોક્કસ ઈરાદા સાથે થાય છે. આવાજે પંજાબની રચના પણ ચોક્કસ ઈરાદા સાથે કરાઈ છે.

### કમિશનરને સત્તા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિનોવેશન તેમજ ૨૫ નવા પે યુઝ શૌચાલયો બનાવવા માટેનું ટેન્ડર પણ મંજૂર કરવામાં આવ્યું છે. આ માટે ત્રણ કરોડ ચાર લાખથી વધુ રકમનો ખર્ચ કરવામાં આવશે.

આ બેઠકમાં મુક્તિધામના સંચાલન માટે જુસિકાની મુદત વધારવાની બાબતે પણ ચર્ચાઓ થઈ હતી. જુસિકા દ્વારા વધતા જતા આર્થિક ભારણ અંગે રજુઆત કરી વધુ સહાયની માંગ કરવામાં આવી છે. આ અંગે તમામ પાસાઓનો અભ્યાસ કરી મ્યુનિ. કમિશ્નરશ્રીને સત્તા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

આજની બેઠકમાં શહેરના નવા સર્કલો, નવા બગીચાઓ તથા રંગમંચના નવનીકરણ માટે આર્કિટેક્સની એક પેનલ તૈયાર કરવામાં આવી છે. ૬ જેટલા આર્કિટેક્સને આ પેનલમાં સમાવવામાં આવ્યા છે. સૌથી નીચી ફી જયેશ દલાલે દર્શાવી હોવાથી તેમની હાલ નિમણુંક કરવામાં આવી છે.

વિડીયોગ્રાફર અને ફોટોગ્રાફી માટે પણ ટેન્ડર જારી કરવાનો નિર્ણય આજે સ્થાયી સમિતિએ કર્યો છે.

### જીવ બચાવ્યો ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રસંગોએ કેક કાપીને ઉજવણી કરીએ છીએ એમ આવી તકો પણ ઉજવવી જોઈએ. રજિસ્ટ્રીના નિયમ અનુસાર, એક વર્ષ સુધી દાન આપનાર અને લેનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવે છે. દાન આપનાર અને લેનાર બંનેએ મળવા માટેની ઈચ્છા દર્શાવી. જ્યારે ડોક્ટરોએ શિવરામકૃષ્ણનને સંપૂર્ણ સ્વસ્થ જાહેર કરી દીધા ત્યારે દાત્રીએ ઓગષ્ટ ૨૦૧૬માં દાન આપનાર અને લેનાર અને એમના કુટુંબીજનો વચ્ચે મુલાકાત યોજવાની તૈયારી કરી, જ્યાં તેઓ પહેલાવીર મળ્યા.

શિવરામકૃષ્ણનની કૃતજ્ઞ દીકરી કહે છે, 'અમારા કુટુંબ માટે આ સમય ખૂબ મુશ્કેલ હતો પણ અન્ય કુટુંબીજનો, મિત્રો, શુભેચ્છકો અને અજાણ્યા વ્યક્તિઓ દ્વારા મળેલા પ્રેમ અને ટેકો અમારી કૃતજ્ઞતા વર્ણવવા શબ્દોથી પણ પર છે. મારા પિતાની સારવારના દરેક પગલે બધાના નિઃસ્વાસ્થ પ્રયત્નો અને બ્લડ સ્ટેમ સેલ દાતાનું દાન અમાપ છે.'

ગુજરાતમાં ૧૭૦૦૦ દાતાઓ છે અને અત્યાર સુધીમાં ૧૩ દાન કરવામાં આવ્યા છે. દાત્રીના સહસ્થાપક અને સીઈઓ રઘુ રાજગોપાલ કહે છે, 'દર્દીને અનુરૂપ દાતા મળી રહે એ એક ચમત્કાર છે. અમારા સમર્પિત સંગઠિત પ્રયાસોના ફળના સાક્ષી બનવુ દાત્રી માટે સાચે જ એક સુખદ ક્ષણ છે. અમે આશા કરીએ છીએ કે લોકો બ્લડ સ્ટેમ સેલ દાનનું મહત્વ સમજીને એના માટે વધારે જાગૃત બનશે અને કોઈને જીવવા માટેની બીજી તક પુરી પાડશે. દાત્રી ભારત સરકાર હેઠળ કલમ-૨૫ કંપની તરીકે નોંધાયેલી એક બિન-નફાકારક સંસ્થા છે. જે રઘુ રાજગોપાલ, ડૉ. નેઝીહ સેરેબ અને ડૉ. સૂયંગ યાંગ દ્વારા સંગઠિત પ્રયાસોથી ૨૦૦૯માં સ્થાપવામાં આવી. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય જીવલેણ લોહીના રોગોથી પીડાતા અને બ્લડ સ્ટેમ સેલ સારવારની જરૂરવાળા દરેક દર્દી માટે સ્વૈચ્છિકપણે તૈયાર અને અનુરૂપ હોય એવા દાતા શોધવાનો છે.

### કામ અટવાયું ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. જયારે આ ઠેકાણે નડતરરૂપ થતા વૃક્ષો દુર કરવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા વન વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. આ ગોડાઉન બાંધવા માટે અંદાજિત ૨૦૦ જેટલા વૃક્ષોની કટોતી કરવી પડે તેમ છે. તંત્ર દ્વારા વિભાગને કરાયેલી દરખાસ્તના લાંબા સમયના અંતે પણ વનતંત્રએ વૃક્ષો કાપવાની મંજુરી ન આપતા આગળની કાર્યવાહી લાંબા સમયથી અટવાઈ છે.છેલ્લા ૬ મહીનાથી વનતંત્ર દ્વારા દરખાસ્ત સંદર્ભે કાઈ નિર્ણય લેવાયો નથી.

